પાલનપુરના હરીપૂરા વિસ્તારમાં ભળ ઉનાળે પીવાના પાણીની પારાયણ...

# લુહાર ટેકરા વિસ્તારમાં પંદર દિવસથી પાણી ન આવતા સ્થાનિકોમાં રોષ



પાલનપુર તા.૧૭

પાલનપુરમાં ઉનાળાના પ્રારંભે જ વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા સર્જાય છે. જેમાં હરીપુરા વિસ્તારમાં છેલ્લા પંદર દિવસથી પીવાનું પાણી ન આવતા સ્થાનિકોને પાણી માટે વલખા મારવા પડી રહ્યા હોય સ્થાનિક મહિલાઓ પાણીની સમસ્યાને નીવારવા ની માંગ સાથે નગરપાલિકામાં દોડી આવી હતી જ્યા પાણી પુરવઠા વિભાગમાં પાણીની સમસ્યા અંગે ઉગ્ર રજૂઆત કરી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરમાં બોરવેલ તેમજ ધરોઈ જૂથ યોજના હેઠળ શહેરમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.તેમ છતાં કેટલાક વિસ્તારોમાં સ્થાનિકો વિજ મોટરો મારફતે પાણી ખેંચી લેતા હોય વિવિધ વિસ્તારોના પૂરતા પ્રમાણમાં પાણી પહોંચી ન શકતા લોકોને પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે.જેમાં હાલ ઉનાળા પ્રારંભે જ શહેરમાં હિરાપુરામાં આવેલ લુહાર ટેકરા વિસ્તારમાં છેલ્લા પંદર દિવસથી એક ટીંપુ પણ પાણી ન આવતા સ્થાનિકોને પાણી માટે ભારે રઝળપાટ કરવાની ફરજ પડી રહી હોય જેને લઈને મહિલાઓએ પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ સાથે નગરપાલીકામાં દોડી આવી હતી. અને તેમના વિસ્તારમાં પાણીની સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગ કરી હતી.

**ધો.૧માં પ્રવેશ માટે ઉંમર ૬ વર્ષ કરાતાં સ્થિતિ વિકટ બની**

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં ૩૦,૦૦૦ બાળકોની સંખ્યા ઘટશે

**જૂન-૨૦૨૩ થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે પરંતુ બાલવાડીના આયોજનની તૈયારીઓ અદ્ધરતાલ**

બાયડ, તા.૧૭

પ્રા.શિક્ષણ વિભાગ દ્વારા આગામી નવા શૈક્ષણિક સત્ર-૨૦૨૩-૨૪માં ધો.૧ માં પ્રવેશ માટે તા.૧ જૂન-૨૦૨૩ની સ્થિતિએ બાળકની ઉંમર ૬ વર્ષ નિર્ધારીત કરાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૩૬૩ સરકારી પ્રા.શાળાઓ તેમજ ૨૯૬ ખાનગી શાળાઓમાં ધો.૧ માં બાળકોની સંખ્યા ઘટશે અને પ્રાથમિક સર્વેક્ષણમાં ધો.૧ માં ૩૦ હજારથી વધુ બાળકો નવા નિયમના કારણે પ્રવેશથી વંચિત રહી જશે અને તેમને બાલવાડીમાં પ્રવેશ મેળવવો પડશે. પરંતુ હજુ બાલવાડીના આયોજન માટેની તૈયારીઓ ક્યાંય દેખાતી નથી તે જોતાં તા.૫ જૂન-૨૦૨૩થી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ખાસ કરીને પ્રા.શાળાઓમાં મોટી વિટંબણા જોવા મળી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત તા.૧૦ એપ્રિલથી આર.ટી.ઈ. હેઠળ ધો.૧ માં પ્રવેશની પ્રક્રીયા શરુ થઈ છે અને તેમાં તા.૧ જૂન-૨૦૨૩ની સ્થિતિએ બાળકની ઉંમર ૬ વર્ષ હોય તો જ તેમને પ્રવેશ આપવાનો નિયમ અમલી બની ગયો છે. જેના કારણે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશપાત્ર બાળકોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત જે રીતે ફેરફાર કરવામાં આવ્યો છે તેને લઈને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાની સરકારી પ્રા.શાળાઓ પૈકી અનેક શાળાઓ ધો.૧ માં નવા નિયમના કારણે માંડ ૨ થી ૭ જેટલા બાળકો પ્રવેશને પાત્ર બનશે. જ્યારે ૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા બાલવાડી બનાવવામાં આવશે અને બાળકોને તેમાં શિક્ષણ આપવામાં આવશે તેવી સરકાર અને પ્રવક્તા મંત્રીએ જાહેરાત કર્યા પછી પણ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિમાં આ અંગેની કોઈ હિલચાલ દેખાતી નથી. જ્યારે બીજી વિટંબણા એ છે કે ગયા વર્ષે ૫ વર્ષ પૂરા થયા ન હતા અને તેમને ધો.૧ માં પ્રવેશ મળ્યો ન હતો તેવા બાળકોને આ વર્ષે નવો ૬ વર્ષનો નિયમ ફરી એકવાર ધો.૧માં પ્રવેશથી વંચિત રાખી શકશે. જિલ્લાની સરકારી શાળાઓના

**હજારો બાળકો નવા નિયમના કારણે ધો.૧માં પ્રવેશથી વંચિત રહેશે**

| જિલ્લો | સરકારી પ્રા.શાળા |
|---|---|
| સાબરકાંઠા | ૧૧૪ |
| અરવલ્લી | ૧૧૯૯ |
| **ખાનગી શાળા** | **ગત વર્ષે બાળકોને પ્રવેશ** |
| ૧૮૪ | ૨૭,૦૦૦ |
| ૧૧૨ | ૧૮,૮૦૦ |

કેટલાક પ્રા.શિક્ષકોએ જણાવ્યું કે ગત વર્ષે અમારી શાળાઓમાં ધો.૧ માં ૨૦ થી ૨૫ જેટલા બાળકોને



પ્રવેશ મળ્યો હતો પરંતુ હવે વર્ષના નિયમના કારણે અમારી શાળામાં માંડ ૫ થી ૬ બાળકોને પ્રવેશ આપી શકાશે. તમામ તાલુકાઓમાં પ્રા.શિક્ષકો દ્વારા ૬ વર્ષના બાળકોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને આ બધી સ્થિતિ જોતાં અરવલ્લી જિલ્લામાં ગત વર્ષે સરકારી અને ખાનગી શાળાઓમાં ૧૮,૮૦૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૨૭,૦૦૦ જેટલા બાળકોને પ્રવેશ અપાયો હતો. પરંતુ નવા નિયમ અનુસાર જિલ્લામાં ૩૦,૦૦૦થી વધુ બાળકો ધો.૧માં પ્રવેશથી વંચિત રહી જશે અને નવા નિયમના કારણે ધો.૧માં પ્રવેશથી વંચિત બાળકોને બાલવાડીમાં અભ્યાસ કરાવવાની સરકારની યોજના છે પરંતુ તેનું કોઈ આયોજન હાથ ઉપર લેવાયું હોય તેવું જણાતું નથી.

# અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે ક્રિકેટ એકેડમીનું ઉદઘાટન



ધનસુરા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે ક્રિકેટ એકેડમી નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.અરવલ્લી જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે ૧૬-૦૪-૨૦૨૩ના રોજ થી બાળકોને તાલીમ મળી રહે એ માટે ક્રિકેટ એકેડમી ની શરૂઆત કરવામા આવી છે.અરવલ્લી જિલ્લા ક્રિકેટ એસોસિએશન દ્વારા છેલ્લા સાત વર્ષથી જીલ્લામાં ક્રિકેટિંગ સ્તર વધારવા માટે અવાર નવાર ક્રિકેટિંગ કાર્ય કરવામા આવે છે તેના ભાગ રુપે ધનસુરા ખાતે આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ની બાજુમા, અમદાવાદ રોડ ખાતે ક્રિકેટ એકેડમી શરૂ કરવામાં આવી છે.જેમાં ક્રિકેટ એસોસિએશન દ્વારા સંપૂર્ણ ટ્રેનીંગ અપાશે જેમાં છોકરીઓ ને મફત માં કોચિંગ અપાશે.આ કાર્યક્રમ માં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, કૌશિકભાઈ પટેલ, સચિનભાઇ પટેલ, પુષ્પાબેન ઠાકોર, રાજેન્દ્રસિંહ ઠાકોર, ભીખાભાઈ પટેલ, વિજયભાઈ પટેલ, લય ચૌધરી, હરજ્યોત સિંહ પુવાર, ભલુભાઈ ખાંટ સહિત અગ્રણીઓ અને ગામના યુવાનો અને અરવલ્લી જીલ્લા ક્રિકેટ એસોસિએશન પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# મોડાસામાં મખદૂમ ગ્રુપે ૨૦૦ ગરીબ બાળકો સાથે ઈફતારી યોજી ખુશીયો વહેંચી

**બાળકોને કપડાં વિતરણ કરાયા**



મોડાસા, તા. ૧૭

પવિત્ર રમજાન માસ અંતિમ ચરણમાં છે ત્યારે મોડાસા શહેરમાં વિવિધ સેવાકીય કાર્યો સાથે સંકળાયેલા મખદૂમ ગ્રુપ દ્વારા શહેરમાં રહેતા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારના બાળકો સાથે ઈફતારીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦૦ થી વધુ બાળકોએ મખદૂમ ગ્રુપના સદસ્યો સાથે ઈફતારી કરતા બાળકોના ચહેરા પર અનેરો આનંદ જોવા મળ્યો હતો.

મોડાસા શહેરની મખદૂમ ચોકડી નજીક શુક્રવારે સાંજે મખદૂમ ગ્રુપ દ્વારા પવિત્ર રમજાન માસ નિમિત્તે શહેરમાં વસવાટ કરતા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારના બાળકો સાથે ઈફતાર પાર્ટી યોજી હતી બાળકો સાથે મખદૂમ ગ્રુપના સદસ્યો ઈફતાર પાર્ટી કરવાની સાથે બાળકોને નવા કપડાંનું વિતરણ કરવામાં આવતા બાળકો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા તેમજ પવિત્ર રમજાન માસમાં રોજા રાખનાર ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ફુલહાર પહેરાવી ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારના બાળકો સાથે ઈફતાર પાર્ટી યોજી બાળકોના ચહેરા પર ખુશીયો રેલાવનાર મખદૂમ ગ્રુપની લઘુમતિ સમાજના અગ્રણીઓ અને લોકોએ સરાહના કરી હતી.

# અરવલ્લી : મેઘરજના બેડજ ગામમાં દીપડાએ પશુનું મારણ કરતા પંથકમાં ફફડાટ

**વનવિભાગ તંત્ર દ્વારા દીપડાને પાંજરે પુરવા કવાયત**



મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓમાં દીપડા સહીત અનેક હિંસક પ્રાણીઓનો વસવાટ જોવા મળી રહ્યો છે મેઘરજ તાલુકાના બેડજ સહીત આજુબાજુના વિસ્તારમાં ખૂંખાર દીપડો સમયાંતરે રહેણાંક વિસ્તારમાં ત્રાટકી પશુઓનું મારણ કરતા પશુપાલકો સહીત લોકોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે બેડજના જંગલમાં પશુનું મારણ કરતા વનવિભાગ તંત્ર દોડતું થયું અને જંગલ સહીત આજુબાજુના ખેતરોમાં સર્વે હાથધર્યા છે. મેઘરજના બેડજ પંથકમાં ખૂંખાર દીપડો છેલ્લા કેટલાક દિવસથી આંટાફેરા મારતો હોવાની બૂમો ઉઠી હતી ત્રણ દિવસ પહેલા બેડજ નજીક રોડ પરથી પસાર થતા બાઈક ચાલકે દીપડો જોવા મળતા બાઈક ચાલકે બેડજ પંથકમાં દીપડો હોવાની સાથે સતર્ક રહેવા આહવાન કર્યું હતું ત્યારે શનિવારે બેડજ નજીક જંગલમાં દીપડાએ પશુનું મારણ કર્યું હોવાની જાણ મેઘરજ વનવિભાગ તંત્રને થતા વનવિભાગ તંત્ર તાબડતોડ બેડજ જંગલમાં પહોંચી તપાસ હાથધરી છે. મેઘરજ વન વિભાગની નોર્મલ રેન્જના આરએફઓ જે કે ડામોર તેમના સ્ટાફ સાથે બેડજ ગામના જંગલમાં સર્વે હાથધરી દીપડાના પગલાના આધારે દીપડાને પાંજરે પુરવા માટે તંત્રએ પાંજરા ગોઠવવા તજવીજ હાથધરી છે બેડજ પંથકમાં દીપડાની દહેશતના પગલે લોકોમાં ફફડાટ ફેલાવવાની સાથે લોકો સહીત ખેડૂતો ઘરમાં પુરાઈ રહેવા મજબુર બન્યા છે ખૂંખાર દીપડાને વનવિભાગ તંત્ર ઝડપથી પાંજરે પુરે તેવી લોકમાંગ પ્રબળ બની છે



# સલાલ ખાતે થી પાંચ શકુનિઓ ઝડપાયા : કુલ- ૪૩૮૦ ના મુદામાલ સાથે અટકાયત

**પ્રાંતિજ પોલીસે ગુનોનોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી**

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સલાલ પાસે આવેલ કેનાલ પાસે રહેલ ખુલ્લી જગ્યામા જુગાર રમતા પાંચ શકુનિઓને પ્રાંતિજ પોલીસે રૂપિયા- ૪૩૮૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના સલાલ બાજુ પેટ્રોલીંગ માં હતી તે સમયે સલાલ ગામે જતા ખાનગી રાહે બાતમી મળી કે સલાલ કેનાલ પાસે કેટલાક લોકો ભેગા મળી પૈસા પાના વડે તીન પતીનો હારજીત નો જુગાર રમે છે તેવી હકીકત મળતા પ્રાંતિજ પોલીસ દ્રારા તાત્કાલિક સ્થળ ઉપર જઈ તપાસ કરતા પોલીસ ને જોઈને પાંચેય જણા ભાગવા જતા પ્રાંતિજ પોલીસે પાંચેય ઈસમો ને ઝડપી પાડયા હતા જેમા મહેશસિંહ કેશરીસિંહ મકવાણા ઉ.૪૦ , સંજયસિંહ જગતસિંહ મકવાણા ઉ.વર્ષ-૨૩ , ભાવેશભાઈ રકજીભાઇ ચૌધરી પટેલ ઉ.વર્ષ-૩૬ ત્રણેય જણ રહે સલાલ તા.પ્રાંતિજ , જિ.સાબરકાંઠા , સંજયકુમાર મણીલાલ ડામોર ઉ.વર્ષ-૩૭ રહે.એશિયન ટાઈલ્સ ફેક્ટરી કોલોની કાટવાડ ગામ કાટવાડ તા.પ્રાંતિજ જિ. સાબરકાંઠા મુળ રહે છીટાદરા તા.મેઘરજ જિ.અરવલ્લી , નરેશભાઈ બકાભાઈ વણકર ઉ.વર્ષ-૩૫ ગામ સોનાસણ તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા પાંચેય ઈસમોને પ્રાંતિજ પોલીસે ગંજીપાના દાવની રકમ-૬૮૦ તથા પાંચેય પાસેથી અંગ જડતી માંથી મળેલ રકમ-૩૭૦૦ મળી કુલ - રૂપિયા ૪૩૮૦ ના મુદામાલ સાથે પકડી પાડયા હતા અને જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનોનોધી પાંચેય ઈસમો સામે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# મહાદેવપુરા (કેવન)માં મંદિરનો પ્રથમ પાટોત્સવ ઊજવાયો..



ગાંભોઈ, તા.૧૭

હિંમતનગર તાલુકાના મહાદેવપુરા (કેવન) ગામે સમસ્ત ગ્રામજનો દ્વારા નાગણેશ્વરી માતાજી તથા નાગેશ્વર ભગવાન મંદિરનો પ્રથમ પાટોત્સવ સેવક શિવસિંહ રાઠોડના સાનિધ્યમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય ભિખુસિંહ પરમાર, સરપંચ અર્જુનસિંહ રાઠોડ, અગ્રણી પ્રતાપસિંહ રાઠોડ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# હિંમતનગર ખાતે ગિરીશ શર્માના પુસ્તક ‘સુવર્ણદિન’નું લોકાર્પણ કાર્યક્રમ




હિંમતનગર, તા. ૧૭

નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પ્રથમ વખત શપથ લીધા હતા. આ શુભ દિવસે એટલે ગુજરાત અને ભારતવર્ષનો સુવર્ણદિન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના લાગણીભીના સંસ્મરણોને અગ્રણી સામાજીક કાર્યકર ગિરીશ મ. શર્માએ સંપાદિત કરી સુવર્ણદિન નામથી પુસ્તકરૂપે આકાર આપેલ. હિંમતનગરખાતે સુવર્ણદિન પુસ્તક પરિસંવાદ હિમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલા તથા અતિથિ વિશેષ તરીકે સિદ્ધાર્થભાઈ પ. પટેલ ન.પા.પ્રમુખ શ્રીમતી યતીનબેન મોદી, અધિક સચિવ(ની.) કે.જી.વણજારા સાહેબ તથા સંપાદક ગિશિષભાઈ મ. શર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વકતાઓએ નરેન્દ્રભાઈ મોદીના લાગણીભીના સંસ્મરણો તાજા કરેલ. આ પ્રસંગે એસ.કે. બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, હિ.ના. બેંકના ચેરમેનશ્રી હિરેનભાઈ ગોર, રશ્મિકાંત ન.પંડ્યા, વિજયભાઈ પંડ્યા, ગોપાલસિંહ રાઠોડ તથા શહેરના શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હિંમતનગર સુવર્ણદીન પુસ્તક પરિસંવાદ સમિતિના સંયોજક બલવંતસિંહ દેવડા, ધર્મરાજસિંહ ,વિમલભાઈ ઉપાધ્યાય, મુકેશભાઈ ત્રિવેદી, મૌલિકભાઈ પંડિત વિગેરે. પ્રાઈડ મીડિયા વર્કના રાહુલભાઈ ભટ્ટ દ્વારા આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં સાબરકાંઠા જિલ્લાના તથા હિંમતનગર શહેરના કાર્યકરતાઓના નરેન્દ્રભાઈ સાથેના પ્રેરક પ્રસંગોનો સંવાદ કરવામાં આવેલ.

# પેઢમાલા હનુમાન મંદિરે શ્રદ્ધાળુઓ માટે પાણીની પરબની સુવિધા અપાઈ...




ગાંભોઈ, તા.૧૭

હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામે ડુંગર પર બિરાજમાન ઈચ્છાપૂર્તિ હનુમાનજી મંદિર ખાતે ગરમીમાં શ્રદ્ધાળુઓને પીવાનું ઠંડુ પાણી મળી રહે તે હેતુથી પેઢમાલાના અગ્રણી રમેશભાઈ માણેકલાલ પંડ્યા તેમજ યુવા સંગઠનના સભ્યો દ્વારા પીવાના પાણીની પરબની સુવિધા ઉભી કરાતા શ્રદ્ધાળુ પ્રવાસીઓમાં આનંદ સાથે રાહતની લાગણી પ્રસરી છે.



તલોદ સિનિયર સિટીઝન ક્લબ દ્વારા સિનિયર સિટીઝન હોલ ખાતે ત્રિવેણી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં આધ્યાત્મિક સાધના કેન્દ્ર કોબા ના સંત શ્રી બાલબ્રહ્મચારી સંત સુરેશ જી નુ પ્રવચન અમૃત મહોત્સવ સન્માન તેમજ સંસ્થા માં સેવા આપનાર સ્વયમ સેવકો નું સન્માન નો કાર્યક્રમ યોજાયો હતો કાર્યક્રમ માં તલોદ નાગરિક બેંક ના ચેરમેન વિપુલ ભાઈ ગાંધી, અનીલભાઈ (વિકાસ મિલ) ની વિશેષ ઉપસ્થિતી માં મોટી સંખ્યામાં સિનિયર સિટીઝન ક્લબ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ક્લબ ના પ્રમુખ શાંતિલાલ પટેલ અને મંત્રી ચેલા ભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી